# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-8-2024 Morning : 9.00 to 9.10
Day : Thursday National News

### આકાશવાણી- સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

***************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિએતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ સાથે નવી દિલ્હી ખાતે સંવાદ કરશે.
- કેરળના વાયનાડમાં ભૂસ્ખલન દુર્ઘટનાનો મૃત્યુઆંક 250 ને પાર
- ઉત્તરાખંડમાં ભૂસ્ખલન થતાં કેદારનાથ માર્ગ પર 200 તીર્થયાત્રી ફસાયા - ચારધામ યાત્રા માટે નોંધણી મોકૂફ
- પૂર્વ—પશ્ચિમ, મધ્ય, દક્ષિણ દ્વિપકલ્પ અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી.
- ભારતના મહાન ક્રિકેટર અને કોચ અંશુમાન ગાયકવાડનું વડોદરા ખાતે નિધન
- પેરિસ ઓલિમ્પિકમાં આજે ભારત નિશાનેબાજી, રાઇફલ, બેડમિન્ટન, રેસ વોક, હોકી સહિતની રમતમાં ભાગ લેશે.

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI VIETNAMPM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિએતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ સાથે નવી દિલ્હી ખાતે સંવાદ કરશે. બંને નેતાઓ વચ્ચેની વાતચીત બાદ બંને પક્ષો અનેક કરાર પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે.

શ્રી ચિન્હ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે પણ મુલાકાત કરશે. શ્રી ચિન્હશ્રી મોદીના આમંત્રણ પર ભારતના પ્રવાસે આવ્યા છે. વિએતનામના પ્રધાનમંત્રીનું આજે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં ઔપચારિક સ્વાગત કરાશે. ત્યારબાદ તેઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા રાજઘાટ જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાનુભાવોના સન્માનમાં ભોજનનું પણ આયોજન કર્યું છે.

# WAYNAD LANDSLIDES

કેરળના વાયનાડમાં ભૂસ્ખલનના કારણે મૃતકોની સંખ્યા 250થી વધુ થઈ ગઈ છે. ભારતીય સેનાએ જણાવ્યું કે, ગઈકાલે અસરગ્રસ્ત વિસ્તારમાંથી 179 લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અટ્ટમાલા, મુંડક્કઈ અને ચૂરલમાલામાં રાહત બચાવ ટુકડીઓ આજે સવારથી જ તપાસ અભિયાનમાં જોડાઈ ગઈ છે.

ચૂરલમાલા ખાતેના પાણીના પ્રવાહ પર 190 ફૂટ લાંબા પુલનું નિર્માણકાર્ય મોડી રાત સુધી ચાલુ હતું, જે આજે બપોર સુધીમાં પૂર્ણ થશે. ભૂસ્ખલન અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકો, ભારે મશીન અને અન્ય સામગ્રીના પરિવહન માટે આ પૂલ મહત્વપૂર્ણ છે. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન આજે સવારે વાયનાડ જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીમાં સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા કરશે.

આ બેઠક પહેલા તેઓ અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરશે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આજે વાયનાડ પહોંચી મેપ્પડી ખાતે કેટલીક શાળાઓ અને મેડિકલ કૉલેજમાં રાહત શિબિરની મુલાકાત લેશે.

# AMARNATH YATRA

અમરનાથ તીર્થયાત્રા માટે એક હજાર 95 તીર્થયાત્રિઓનો વધુ એક સમૂહ જમ્મુના ભગવતીનગરથી કાશ્મીર ખીણ માટે રવાના થયો છે. તીર્થયાત્રીઓ આજે સવારે 48 વાહનના કાફલામાં યાત્રા માટે રવાના થયા છે.

# UTTARAKHAND WEATHER

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થતાં 200 તીર્થયાત્રીઓ ભીમબાલી ખાતે ફસાઈ ગયા છે. અહીં વિવિધ ઘટનામાં છ લોકોના મોત નીપજ્યા છે. રાજ્યના પર્વતીય વિસ્તારમાં ભૂસ્ખલન અને પાણી ભરાતા મુખ્ય નદીઓનું જળસ્તર વધી ગયું છે.

ભીમબાલી ખાતે કેદારનાથ યાત્રાના રૂટના 25 મીટર પટ્ટાને નુકસાન થતાં 200 શ્રદ્ધાળુઓને સુરક્ષિત સ્થાન ઉપર રોકી દેવાયા છે. હવામાન વિભાગની ચેતવણીને જોતા હરિદ્વાર અને ઋષિકેશ કેન્દ્ર પર ચારધામ યાત્રા માટે નોંધણી મોકૂફ રાખવામાં આવી છે. દરમિયાન હિમાચલ પ્રદેશમાં રામપુર ખાતે આભ ફાટતા 19 લોકો ગુમ છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે રાહત અને બચાવકાર્ય ચાલુ છે.

**SDRF**, જિલ્લા પોલીસ અને સ્થાનિક અધિકારીઓ સહિત એમરજન્સી સેવાની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી ફસાયેલા તીર્થયાત્રીઓને સલામત સ્થળ પર ખસેડ્યા હતા. મંદાકિની નદીનું જળસ્તર વધી જતાં અધિકારીઓએ ગૌરીકુંડ મંદિરને ખાલી કરાવ્યું હતું. દરમિયાન મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ વરસાદ અંગે આપદા વ્યવસ્થાપન સચિવ સાથે વાત કરી રાહત અને બચાવકાર્યની સમીક્ષા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# IMD RAINFALL

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી દેશના પૂર્વ–પશ્ચિમ, મધ્ય, દક્ષિણ દ્વિપકલ્પ અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આ શનિવાર સુધીમધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કોંકણ, ગોવા અને ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે.

હવામાન સંસ્થાએ આજે આસામ, મેઘાલય, મણિપુર અને મિઝોરમમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરપ્રદેશમાં ત્રણ ઑગસ્ટ સુધી સમાન વરસાદની શક્યતા છે. ગઈકાલે રાત્રે દિલ્હીમાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ પાણી ભરાઈ જતાં આજે તમામ સરકારી અને ખાનગી શાળાઓ બંધ રહેશે. દિલ્હીનાં શિક્ષણ મંત્રી આતિશીએ સામાજિક માધ્યમના એક સંદેશમાં આ અંગેમાહિતી આપી હતી.

દિલ્હીના ઉપ-રાજ્યપાલ વિનયકુમાર સક્સેનાએ પણ શહેરમાં ભારે વરાસદની આગાહીને જોતા તમામ અધિકારીઓને સાવચેત રહેવા જણાવ્યું છે

# ANSHUMAN GAIKWAD

ભારતના દંતકથા સમાન મહાન ક્રિકેટર અને કોચ અંશુમાન ગાયકવાડનું બ્લડ કેન્સરના કારણે નિધન થયું છે. બરોડા ક્રિકેટ એસોસિએશનના સીઇઓ સ્નેહલ પરીખે જણાવ્યું કે, શ્રી ગાયકવાડે ગઈકાલે રાત્રે 10 વાગે વડોદરામાં અંતિમ શ્વાસ લીધા હતા. શ્રી ગાયકવાડે લંડનમાં બ્લડ કેન્સરની સારવાર કરાવી હતી અને જૂન મહિનામાં વતન વડોદરા પરત ફર્યા બાદ સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

શ્રી ગાયકવાડ વડોદરા માટે પ્રથમ શ્રેણીની 206 મેચ ઉપરાંત વર્ષ 1975થી 1987 વચ્ચે ભારત માટે 40 ટેસ્ટ અને 15 વન-ડે મેચ રમ્યા હતા. તેઓ ભારતીય ટીમના પસંદગીકાર રહ્યા હતા અને ત્યારબાદ ઓક્ટોબર 1997થી સપ્ટેમ્બર 1999 સુધી ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે કામ કર્યું. તેમને વર્ષ 2017-18 માટે સી.કે. નાયડુ લાઇફટાઇમ અચિવેમન્ટ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી ગાયકવાડને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે શ્રી ગાયકવાડને ક્રિકેટમાં તેમનાં પ્રદાન માટે હંમેશા યાદ રાખવામાં આવશે. BCCIના સેક્રેટરી જય શાહે પણ શ્રી ગાયકવાડનાં નિધન અંગે શોક વ્યક્ત કર્યો હતો.

# PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિકમાં ભારતનાં મુક્કેબાજ લવલિના બોર્ગોહેઇને મહિલાઓના 75 કિલો વજન વર્ગમાં 16મા રાઉન્ડમાં હોફ્સ્ટાડ સુન્નિવા સામે સરળ વિજય મેળવ્યો હતો. અન્ય બોક્સર નિશાંત દેવ પણ બોક્સિંગમાં 71 કિલો વજન વર્ગમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં છે. ભારતનાં ટેબલ ટેનિસ ખેલાડી શ્રીજા અકુલા પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વમાં પ્રથમ ક્રમાંકિત ચીનનાં સુન યિંગ્શા સામે હારી ગયાં છે.

ભારતીય ખેલાડીઓ આજે નિશાનેબાજી, રાઇફલ, બેડમિન્ટન, રેસ વોક, હોકી સહિતની રમતોમાં ભાગ લેશે. નિશાનેબાજ સ્વપ્નિલ કુસાલે પુરુષો માટેની 50 મીટર રાઇફલ સ્પર્ધામાં અને નિખત ઝરીન 50 કિલો બોક્સિંગ સ્પર્ધામાં એશિયન ગેમ્સનાં ચેમ્પિયન વુ યુનો સામે રમશે. મહિલાઓની 50 મીટર રાઇફલ સ્પર્ધામાં સિફ્ત કૌર સમારા અને અંજુમ મોદગિલ ક્વોલિફાઇંગ રાઉન્ડમાં ભાગ લેશે.

બેડમિન્ટનના નોકઆઉટ રાઉન્ડનો પણ આજથી પ્રારંભ થશે. પી વી સિંધુ, લક્ષ્ય સેન અને એચએસ પ્રણોય પોતપોતાની સિંગલ્સ મેચ રમશે, જ્યારે સાત્વિક સાઇરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ડબલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઇનલ રમશે. ક્વાર્ટર ફાઇનલમાં ક્વોલિફાય થયેલી ભારતની હોકી ટીમ પુલ બીની મેચમાં આજે વર્તમાન ચેમ્પિયન બેલ્જિયમ સામે રમશે. રેસ વોકર્સ અર્શદીપ સિંહ, વિકાસ અને પરમજીત સિંહ પુરુષોની 20 કિલોમીટર વોક સ્પર્ધામાં ભાગ લેશે. પેરિસ ઓલિમ્પિકમાં ભારત અત્યાર સુધી બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

# INDIA SRILANKA ONE DAY

ભારત અને શ્રીલંકા વચ્ચેની ત્રણ મેચની એક દિવસની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ શ્રેણીનો આવતીકાલથી પ્રારંભ થશે. કોલમ્બોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં શ્રેણીની અન્ય 2 મેચ ચાર અને સાત ઑગસ્ટે રમાશે. તમામ મેચ ભારતીય સમય મુજબ બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

50 ઑવરની મેચમાં રોહિત શર્મા ભારતના કેપ્ટન હશે. તેમની ટીમમાં વિરાટ કોહલી અને શ્રેયસ અય્યર સહિતના ખેલાડીઓ સામેલ છે. આ પહેલા સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતે ટી-20 શ્રેણીમાં 3–0ની સરસાઈથી જીત મેળવી છે.

# FOREIGN MINISTRY WMCC MEETING

ભારત અને ચીન સરહદ મામલે પરામર્શ અને સમન્વય માટે વ્યવસ્થાતંત્ર WMCCની 30મી બેઠક ગઈકાલે નવી દિલ્હી ખાતે પૂર્ણ થઈ. બેઠકમાં વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ ગૌરાંગલાલ દાસે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. ચીનના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ત્યાંના વિદેશ મંત્રાલયમાં સરહદ અને મહાસાગર વિભાગના મહાનિદેશક હોન્ગ લિયાન્ગે કર્યું હતું.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, કઝાકિસ્તાનના અસ્તાના અને લાઓસના વિયનતિયાને ખાતે તાજેતરમાં યોજાયેલી બેઠકમાં બેને વિદેશમંત્રીઓએ વાસ્તવિક નિયંત્રણ રેખાની વર્તમાન પરિસ્થિતિ અને અન્ય મુદ્દાઓ પરત્વરિત નિરાકરણ અંગેની સમીક્ષા કરી હતી. બંને પક્ષ પરસ્પર સમજૂતી, પ્રૉટોકૉલ જાળવવા અને સંલગ્ન વિસ્તારોમાં સંયુક્ત રીતે શાંતિ જાળવવા સંમત થયા હતા.